# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મરજીના માણસ માટે કાયદા ફરી જાય છે,
"'ન્યાય'ને કરશું સ્વતંત્ર" વાયદા ફરી જાય છે,
પ્યાદાં ફરી જાય છે, વકીલ જ બને ન્યાયાધીશ -
અચ્છે દિન આવ્યા ખૂદના, ફાયદા ફરી જાય છે..

## હાઇકુ

ગાજે દુકાળ
આગાહી ધોધમાર -
વાદળ વિના..

કૃપાની દૃષ્ટિ
થાય રાજાના પુણ્ય!
વરસે વૃષ્ટિ..

## ચિંતન

**ભવન્તિ નમ્રાસ્તરવઃ ફલોદગમૈ નવામ્બુભિર્મ્મિ વિલમ્બિનો ઘનાઃ ।**
**અનુદ્ધતાઃ સત્પુરૂષા સમૃદ્ધિભિઃ સ્વભાવ અવૈષ પરોપકારિણામ્ ॥**

ફળ આવવાથી વૃક્ષ નમે છે, નવીન જળ ભરાવાથી વાદળાં ધરતી પર ઝૂકે છે. સત્પુરૂષો ધન મેળવીને નમ્ર બને છે, પરોપકારી જીવોના 'નમ્રપણું' એ જ સ્વભાવ છે.

અસંસ્કારી અને આછકલાં લોકો ધન-સત્તા મેળવીને અભિમાની થઇ જતાં હોય છે પણ સંત-સજ્જન-સંસ્કારી લોકોનો સ્વભાવ જ નમ્ર હોય છે એવાં લોકોને ધન-સત્તા-પદ મળે તેમ તેમ નમ્ર હોય છે. એવાં લોકોને ધન-સત્તા-પદ મળે તેમ તેમ નમ્ર થતાં જાય છે.

અહીં વૃક્ષ વાદળનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે. અત્યારે જ એક કેરીનાં ફાર્મની મુલાકાત થઇ, ફાર્મના માલિકે કેરીના વૃક્ષોને આપેલા ટેકા બતાવી કહ્યું જો ડાળીઓને આવા ટેકા ન મૂકવા હોય તો કેરીના ભારથી ડાળી તૂટી પડે!! આમ નમ્રતાથી ટેકાથી, ફળ આવતાં માણસનું પતન થતું નથી. ઉનાળાના તાપમાં નવાં વાદળ બંધાય છે અને જ્યાં લીલોછમ પ્રદેશ હોય ત્યાં વાદળ નીચાં નમી વરસી પડે છે. નવીન બંધાયેલા વાદળની આ નમ્રતા છે.

સજ્જન પણ જેમ સત્તા-ધન મળે તેમ તેમ વધારે નમ્ર થતા જાય છે.

## સુવિચાર

- એક દિવસ એવો ઉગશે જ્યારે રાજકીય ભૂગોળ માત્ર ભૂગોળ બની રહેશે અને 'રાજકીય' શબ્દ ખરી પડશે **- ચર્ચીલ**
- આવતીકાલની અને ગઇકાલની તકરારમાં આજ ફાવી ગઇ, ગઇકાલે આવતીકાલની ચિંતા કરવામાં આજ ફાળી ગઇ **- એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વશાંતિ આપણા હાથની વાત નથી, પરંતુ આપણા મનમાં નાનો સાઇલેન્સ ઝોન રચવાનું અશક્ય નથી. એ સાઇલેન્સ ઝોન એટલે શાંતિનો, સ્વસ્થતાનો તુલસી ક્યારો **- શાહબુદ્દીન રાઠોડ**
- અનંતની પ્રાપ્તિ માટે માણસે શુન્ય બનવું પડે! આવા મૃત્યુને જ 'સમાધિ'નો દરજ્જો પ્રાપ્ત થાય **- ગુણવંત શાહ**
- પ્રેમ એ વિસર્જનની પ્રક્રિયા છે, સુગંધ પુષ્પના સુક્ષ્મ વિસર્જનનું પરિણામ છે, તડકો એટલે સૂર્યનું વિસર્જન **- ઓશો**
- ખીલવું અને ખરી પડવું એ બંને બાબતોનો સ્વીકાર પુષ્પ માટે સહજ છે **- જનકલ્યાણ**
- મનુષ્ય પાસે જે કાંઇ મૂલ્યવાન છે તેનું મનુષ્યત્વ જ હોઇ શકે. આપણું હોવું (BEING) એટલે શું તે સમજવાની મથામણ એ જ અધ્યાત્મ **- જે. કૃષ્ણમૂર્તિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જે ખરેખર અધ્યાત્મ કે ધર્મની સમજ ધરાવે છે એ તો એક ઇશ્વર છે - સબ કા માલિક એક માં સમજે જ છે એક જ્યોતિ સ્વરૂપ અનેક સ્વરૂપમાં રહે છે. સૌ ભક્તજનો પોતાની કલ્પના અને સંપ્રદાય પ્રમાણે એ સ્વરૂપને આકાર અને માન્યતાના વાઘા પહેરાવે છે.

વળી કેટલાય સંપ્રદાયી એવા ચૂસ્ત હોય છે કે આપણે એમને 'જય સીયારામ' કહીએ છીએ તો સામે 'જય સીયારામ' કહેવાને બદલે 'જય સ્વામીનારાયણ' 'જય જિનેન્દ્ર' - જય અંબે કે જય મહાદેવ જ કહેશે! એક ક્ષણ માટે પણણ પોતાની કટ્ટરતાની ગાંઠ ઢીલી નથી કરતાં.

પ્રખ્યાત શિવ કથાકાર પંડિત ભવાની વારાણસીથી મુંબઇ શિવકથા કરવા ગયા. કોઇ ભલામણથી એમની રહેવાની વ્યવસ્થા હવેલીપંથીને ઘેર હતી. વ્યવસ્થા-સેવા સારી થતી પણ કોઇ કથામાં આવતું નહીં. પંડિતજીએ પુત્રવધુને પુછ્યું, પુત્રવધુએ સાચું કારણ કહી દીધું. અમે ચૂસ્ત વૈષ્ણવ છીએ. વડીલે કથામાં જવાની મના કરી છે.

પંડિતે પુત્રવધુને કહ્યું, એક વિનંતી, આજે તમે પૂજાની તૈયારી ભોજન, ઇત્યાદિ સેવા માત્ર પતિની જ કરજો. સાસુ-સસરા તરફ નજર પણ ન નાખતાં - વહુમાં આવેલાં પરિવર્તનનું કારણ પુછ્યું. વહુએ પંડિત તરફ આંગળી ચીંધી - પંડિત કહે સ્ત્રી માટે પરમેશ્વર પતિ જ છે પછી એના માતાપિતાની પૂજા ન થાય. જેમ તમે 'લાલા' શિવાય 'શિવ-રામ'ની પૂજા નથી કરતાં એમ! વડીલ સમજી ગયા. પછી પરિવાર શિવકથામાં હાજરી આપતો થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# કેવળ ભાષણ કે ઉપદેશ વ્યર્થ છે!

આપણા દેશમાં સૌથી મોટો ઉદ્યોગ હોય તો તે ભાષણ અને ઉપદેશનો છે. ચોરે ને ચૌટે અનેક કથાઓ ચાલે છે. પુષ્કળ કથાકારો હજારો લાખો લોકોને સતત રામાયણ મહાભારત કે પુરાણોમાંથી ઉપદેશો આપે છે. લાખો અને કરોડો લોકો તે સતત સાંભળે છે. હજારો વર્ષોથી સાંભળે છે. અને આ ઉપદેશ એવો તો સર્વોતમ છે કે તે સતત સાંભળે છે. તો દેશમાં પળભરમાં સ્વર્ગ આવી જાય! પણ દેશ સામે નજર કરીએ છીએ તો શું દેખાય છે? હજારો વર્ષોથી ગરીબી, ગંદકી, અશિસ્ત, વસ્તી વધારો!

આમ કેમ થાય છે? 'સ્વચ્છતા પ્રભુતા છે' સાંભળનારા ગંદા કેમ છે? 'બધું જ ઇશ્વર છે' - સાંભળનારા ઊંચનીચમાં કે અસ્પૃશ્યતામાં કેમ માને છે? બોલનારા પણ? બ્રહ્મચર્યનો મહિમા ગાતા દેશમાં જ વસ્તી કેમ વધારે છે? મર્યાદાની વાત કરનારા દેશમાં જ કેમ અશિસ્ત છે? સતત તેનો ઉપદેશ સાંભળવાં છતાં? વિચારવા જેવું નથી?

કારણ કે આપણી પ્રકૃતિ. તેનો અભ્યાસ કર્યા વિના જ ઉપદેશ અપાય છે.

શું છે આપણી પ્રકૃતિ?

આપણા દેશના લોકોના સ્વભાવમાં 'અપ્રવૃત્તિ' - નિષ્ક્રિયતા - છે. તેમને વિચાર કહેવામાં આવશે, તો તેઓ તરત માની લેશે, અમલની ખાતરી પણ આપશે, અને આચરણમાં નહીં મૂકે, વિનોભા કહે છે તે આપણા દેશમાં સ્વતંત્ર પ્રવૃત્તિના ખ્યાલનો જ અભાવ છે. આપણા દેશમાં સદ્ભાવના ઓછી નથી, પણ જાતે કામ ન કરવાની એક મોટી ખોડ છે. વ્યક્તિ બેઠી હોય, તેને તરસ લાગી હોય, સામે જ પાણીનો ગ્લાસ પડ્યો હોય, પણ તે ઊભી થશે તે પીશે નહીં. કોઇ આવે તેની રાહ જોશે અથવા કોઇને બૂમ મારશે અને ગ્લાસ આપવા કહેશે, પણ જાતે તો નહીં જ લે. વિનોબા અને ઘડપણનું લક્ષણ કહે છે. કહે છે તે, 'ભારતનો સમાજ ઘરડો છે. ઘરડાઓ વિચાર તો ગ્રહણ કરે છે, સમજે પણ છે, પણ તે મુજબ આચરણ કરી નથી શકતા.'

**આપણા દેશમાં વિશ્વની તમામ ક્ષેત્રની વિભૂતિઓ પાકી. ઇશ્વરે પણ અવતાર લેવા માટે આ પવિત્ર ભોમકા પર જ પસંદગી ઉતારી. છતાં આપણે પછાત કેમ રહ્યાં? હરેશ ધોળકિયા કેળવણીકાર-સર્જક તરીકે આ સમસ્યાનું વિશ્લેષણ કરે છે. શું આ મુદ્દે જાગવાની જરૂર નથી? ક્યાં સુધી ધોર્યા કરશું?**

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

આ દેશમાં જેટલા મહાન લોકો થયા છે, કોઇ ઋષિથી માંડી ગાંધીજી સુધી, તેટલાં આખી દુનિયામાં નથી થયા. દરેકના વિચારો લોકો પચાવી ગયા છે છતાં દેશ તો પછાત જ રહ્યો છે. કારણ? આ નિષ્ક્રિયતાનો સ્વભાવ. જેમ હજારો નદીઓ સમુદ્રમાં પોતાનું મીઠું પાણી ઠલવે છે, છતાં તે તો ખારો જ રહે છે, તે જ રીતે આ હજારો મહાપુરૂષોના ઉપદેશ છતાં લોકો નિષ્ક્રિય જ રહ્યા છે. એ સ્વભાવ જ પકડી રાખ્યો છે. વધારે ને વધારે ઘરડા થતા જાય છે. તેમને કોઇ વાત માનવાનું કહેવામાં આવે, તો તરત કહેવાના કે તેનો કાયદો બનાવી દો તો માનીશું. ફરજિયાત થશે તો જ માનીશું. અને મજાની વાત એ છે કે કાયદો થયા પછી પહેલું કામ એ કરે છે કે કાયદાનો ભંગ કેમ કરવો.

ઉપાય?

લોકોને વિચાર સમજાવવા માત્રથી કશું જ નહીં વળે. તેમને પ્રેરણા આપ્યા પછી તેમના પાસે કામ કરાવવું પડશે. જાતે કામ કરતાં શીખવવું પડશે. કામ કરવું શરમ નથી, પણ ગૌરવ છે તે સમજાવવું પડશે. શ્રમનો મહિમા શીખવવો પડશે અને આ પણ સતત કરવું પડશે સતત સમજાવવું પડશે અને સતત તેમને સક્રિય રાખવા પડશે.

બીજી એક બાબત પણ ધ્યાન ખેંચે છે. દરેક જગ્યાએ જોઇશું તો દેખાશે કે વ્યક્તિ જે સ્થાન પર - ખાસ રીને મહત્ત્વનાં પદ પર બેસે છે, તે છોડતી જ નથી. રાજકારણમાં જોઇશું તો એંશી વર્ષ થઇ ગયાં હોય તોપણ પદ પર બેસે છે, તે છોડતી જ નથી. તેને ચીટકીને જ બેઠેલા દેખાય છે. અધિકારી નિવૃત્ત થાય તે પહેલાં તો નોકરીમાં એક્સ્ટેન્શન માગે છે. તે પૂરૂં થાય તો ફરી માંગે છે. પણ છોડતા નથી. કદાચ ફરજિયાત છોડવું પડે, તો તરત બીજી કોઇ સંસ્થામાં પદ મેળવી લે છે. ક્યાંક ન મળે તો છેવટે ક્યાંક 'માનદ' પદ મેળવે છે. પણ મરતાં સુધી પદ વિના રહી શકતા નથી.

કારણ? ભારતનો સ્વભાવ. તે બધા માને છે કે અહીં આરામ છે. તે સ્થાન છોડશે તો વળી કંઇક નવું કામ શોધવું પડશે. તો વળી નવું શીખવું પડશે. આ કામની તો આદત પડી ગઇ છે. તેને વળગાવામાં કશો જ વિચાર કરવો પડતો નથી. શિક્ષકો - પ્રાધ્યાપકો પણ વર્ષો સુધી એને એ જ ભણાવ્યા કરે છે. ક્યારેય બુદ્ધિનો ઉપયોગ નથી કરતા!

એવી જ એક બીજી વૃત્તિ છે સત્તા ન છોડવાની. કોઇ પણ સત્તા હશે - પદની, પૈસાની, વડીલ તરીકેની ક્યારે નહીં છોડાય. વ્યક્તિનો સત્તાપ્રેમ જબરો છે. સત્તાને વળગી રહેવાનો મોહ પણ જબરો છે. આ સત્તા વાપરવાનો મોહ તો તેથી પણ વધારે છે. તે વાપરવાની નાનકડી તક પણ મળશે તો તે નહીં છોડે. પ્રધાન કે અધિકારી તો નથી જ છોડતા પણ પટાવાળાને પણ તક મળે તો તેનાથી જુનિયર પટાવાળાને કામ સોંપશે અને તેની સત્તાનો ઉપયોગ કરશે. વહુ તરીકે દુખી થયેલી સ્ત્રી પણ સાસુ તરીકેની સત્તા આવ્યા સાથે જ તે ભોગવવાની શરૂઆત કરશે અને, મોટા ભાગે તેને જે તકલીફો ભોગવી હતી તે તેની વહુ પણ ભોગવે તેના પૂરતા પ્રયાસ કરશે. નિવૃત્ત માણસ પણ ઘેર સત્તા ભોગવશે. ઘરનાંને શાંતિથી રહેવા નહીં જ દે. આ સત્તા મોર એક સ્વતંત્ર સંશોધનનો વિષય છે.

પણ મૂળે તો જબરી નિષ્ક્રિયતા છે આ દેશમાં. તે હટે તો જ દેશ પ્રગતિ કરી શકે. શરૂઆત થઇ છે, છતાં, મોટા ભાગનાંમાં તો આ જ છે હજી.

આપણને ગાંધી કે વિનોબા નથી ગમતા તેનું કારણ જ આ છે. તે 'જાતમહેનત કરવાનું કહે છે. જાતે વિચારવાનું કહે છે. આપણને તો એ બાબાઓ ગમે છે જે સીદા સ્વર્ગનાં આશીર્વાદ આપે છે. આપણા જીવનની જવાબદારી તેઓ લઇ લે છે. આપણાં બદલે તેઓ વિચારે છે. જો કે, તેઓ પણ નથી વિચારતા. શાસ્ત્રોમાં ઉધાર બોલ્યા કરે છે. કોઇ પણ અનુભવ વગર. પણ આપણને મફ્ત મળે છે. તેથી વિચાર નથી કરતા અને સ્વીકારી લઇએ છીએ.'

માટે જ આપણા દેશમાં જ્યોતિષ, વાસ્તુ, વિધિવિધાનો, પરંપરાનો, રિવાજો પૂરજોશમાં વિકસ્યાં છે. કારણ? બધાં તૈયાર સૂચનાઓ આપે છે. સાથે તૈયાર સ્વર્ગ કે શાંતિ વગેરેની ખાતરી આપે છે. એક વાર ખબર પડી જાય કે આમ કરશે તો સ્વર્ગની ખાતરી, તરત માણસ તે કરવા તૈયાર થઇ જાય છે. ગમે તેમ કરી માણસને ખાતરી આપી દો, તે અંધ ભક્ત થવા તૈયાર જ બેઠેલો છે. માટે જ દેશમાં બાબા-મહાત્માઓનો કે જ્યોતીષીઓ ગોર મહારાજોનો ધંધો પૂરજોશમાં ચાલે છે. બીજા સામાન્ય લોકો તો ઠીક, પણ ખુદ વિજ્ઞાનીઓ પણ શુભ-અશુભમાં માન છે બોલો! અવકાશયાનનું ઊડ્ડયન શરૂ થાય તે પહેલં કેટલાક વિજ્ઞાનીઓ મંદિરમાં દર્શન કરવા જાય છે! અભિયાનની સફળતા માટે પ્રાર્થના કરે છે! પાકા ભારતીયો છે તેઓ!

પણ આ બધું વિચાર કરવાની અને આચારની શિથિલતામાં જ જન્મે છે. મારું ભલું કોઇક કરે, હું જાતે ન કરું, આ નિષ્ક્રિય, આળસુ, પરાવલંબી વિચારસરણીમાંથી જ આ ઊભું થાય છે. શ્રદ્ધા રાખવી એક બાબત છે પણ નિષ્ક્રિય શ્રદ્ધા એ તો તદ્દન અંધશ્રદ્ધા છે. એ તો અધાર્મિક અને મોટાભાગના આવા અધાર્મિક જ છે. માટે જ આ દેશમાં બધા જ ગોરખધંધા ચાલે છે.

હવેના સમયમાં આ ચાલી ન શકે. દેશને જો વૈશ્વિક રીતે શ્રેષ્ઠ બનાવવો હશે, તો આ બધા રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ વગેરેને તિલાંજલિ આપવી પડશે. કેવળ તાર્કિક, વૈજ્ઞાનિક, શાસ્ત્રીય ચિંતન જ કરવું પડશે. બાળકોને પણ એમ કરતાં જ શીખવવું પડશે. બાળકોને શંકા કરતાં, સવાલો પૂછતાં, પ્રયોગો કરતાં - અને પછી જ માનતા - શીખવવું પડશે. કેળવ શ્રદ્ધાથી માથું હલાવતાં નથી જ શીખવવાનું. કેવળ શંકા જ પ્રગતિ તરફ લઇ જાય છે. કેવળ સક્રિયતા જ આગળ લઇ જાય છે, માત્ર ઉદ્દેશ્યથી ન ચાલે, તેમાંથી કશું ન વળે. તેમાથી તો કેવળ વહેમ જ ઊભો થાય કે પોતે બધું જ જાણે છે. પણ કેવળ તેનો અમલ કરાય તો જ જ્ઞાન મળે છે. વિચાર અને આચરણના સંગમથી જ જ્ઞાનનો જન્મ થાય છે.

આની શરૂઆત ઘરથી થાય. બાળકને ઘરમાંથી જ સક્રિયતા શીખવાય અને બાળકો પણ તો જ માનશે જો માતા પિતા અને વડીલો પોતે સક્રિય રાખવું.

# વૈવિધ્યમાં જિંદગીનાં સુખ-દુઃખ માણવા અને ભરપૂર જીવન જીવવા તરફ આંગળી ચીંધવાનો પ્રયાસ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

એકવાર રોમ ખાતે એક સૈનિકે જુલિયસ સીઝર પાસે આવીને આત્મહત્યા કરવાની પરવાનગી માંગી, સીઝરે એને નખશિખ જોયો. એનમાં કોઇ જીવન હોય એવું લાગતું નહોતું. એ સૈનિક ગમગીન અને ઉદાસ લાગતો હતો. એટલે સીઝરે એને પુછ્યું : 'ભાઇ, તે કદી ભરપૂર જિંદગી માણી છે?'

એ સૈનિકે સીઝરને શું કહ્યું એનો આપણને ખ્યાલ નથી. પરંતુ જુલિયસ સીઝરે એને પુછેલો પ્રશ્ન આજે આપણે આપણી જાતને પુછીએ શકીએ. 'ભાઇ, તે કદી ભરપૂર જિંદગી માણી છે?' આ પ્રશ્નનો સાચો જવાબ આપવો હોય તો આપણે જાણવું જોઇએ કે ભરપૂર જિંદગી એટલે શું અને કેવી રીતે મધુર જિંદગી માણી શકાય.

આજે મારે તમને મધુર જિંદગી જીવવા માટે માર્ગદર્શક બની શકે તેવા એક સુંદર પુસ્તકની વાત કરવી છે. જ્ઞાની માણસો, સંત સ્ત્રી-પુરૂષો અને ફિલસૂફો ભરપૂર કે મધુર જિંદગી વિશે ઘણું કહી ગયા છે. પ્રથમ સદીમાં થયેલ ગયેલા રોમન ફિલસૂફ અને લેખક માર્ટુસ સેનેકા જિંદગી વિશે કહે છે 'જ્યાં જીવો છો, જીવન છે, ત્યાં સુધી જીવવાની કળા શીખ્યા કરો.' મતલબ કે જીવવાની કળા શીખવવામાં જ ભરપૂર અને મધુરજીવન છે. જિંદગી છે.




વિશ્વ કવિ રવીન્દ્રનાથ ટાગોરે પોતાની અમર કૃતિ 'ગીતાંજલિ'માં જીવનના અંતિમ ધ્યેયને મૃત્યુસમું ગણ્યું છે. માણસનું અંતિમ ધ્યેય મૃત્યુસમું હોય તો માણસના વલણ, વૃત્તિ, દિશા અને સમગ્ર જીવન એ અંતિમ ધ્યેયને અનુરૂપ હોવું જોઇએ. પોતાના એક કાવ્યમાં ટાગોર કહે છે કે મૃત્યુ માટે જ પોતે જીવનના આનંદ અને વેદના માણ્યાં કરે છે. પોતાની હયાતીમાં મધુર જિંગગી માણનાર ટાગોર જેવી વ્યક્તિ માટે આનંદની જેમ વેદના પણ જીવનમાં માણવાનો અનુભવ છે.

આવા જ જીવન અને મૃત્યુ અંગેના અનુભવો અને ખ્યાલો જે પોતાના હોય કે બીજાના એ બધાને ધ્યાનમાં રાખીને લેખકે 'મધુર જિંદગી' અંગેના વિચારોને સુંદર નાના નાના નિબંધો રૂપે આલેખ્યા છે. 'મધુર જિંદગી' પુસ્તકના આ નિબંધોમાંથી પસાર થતાં તેમાં રોજબરોજની જિંદગીને સ્પર્શતા, વૈવિધ્ય સભર વિષયો અંગેની લેખકના વિચારોથી આપણે પ્રભાવિત થઇએ છીએ. કેમ કે નિબંધના વૈવિધ્યમાં જિંદગીના સુખ-દુઃખ માણવા અને ભરપુર જીવન જીવવા તરફ આંગળી ચીંધવાનો આ પ્રાસ છે. આ પુસ્તકમાં આપણને કુલ-૨૦ જેટલા નિબંધો મળે છે.

જેમાં પ્રથમ નિબંધ 'જિંદગીની સફળતા તમને હાંક મારે છે' માં બે શરાબીઓનું દૃષ્ટાંત ટાંકીને લેખકે સફ્લતા માટે કરવા પડતા ન્યાયની વાત અલગ રીતે કરી છે. 'જાહેર માર્ગ પરનાં પાપ' નિબંધ-૪માં લેખક ટ્રાફિકની સભાના અંગે સ્વાનુભવ ટાંકીને સમજાવે છે. તે લખે છે 'લંડનમાં હું એક ડ્રાઇવિંગ સ્કૂલમાં જોડાઇને ડ્રાઇવિંગ નવેસરથી શીખ્યો... ગુજરાતમાં તમને સ્ટિયરીંગ વ્હીલ ફેરવતાં આવડે તો ડ્રાઇવિંગ લાઇસન્સ મળે... આર.ટી.ઓ. વાળાને નાણાં ચૂકવીને ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવનારા માણસોને હું ઓળખું છું.' આમ કરીને લેખક જાહેર માર્ગ પર વાહન ચાલકો જે બેદરકારી દાખવે છે તેને મહાપાપ તરીકે ઓળખાવે છે. તેથી એના પછીની નિબંધ-૫માં 'ડ્રાઇવરો માટેની દસ આજ્ઞાઓ' માં પમ એ વાતને લેખકે વધારે ઘુંટી છે.

'દેશની સિદ્ધિ કે શરમ' નિબંધ-૬માં લેખક લખે છે કે ભલે ભારતનું અર્થતંત્ર કૂદકે ને ભૂસકે પ્રગતિ કરે અને દુનિયાનાં સર્વોચ્ચ અર્થકારણની હરોળમાં પહોંચે, પણ ભારતના ગણનાપાત્ર લોકોને ભૂખમરો વેઠવો પડે, બાળકો અને સ્ત્રીઓ અપૂરતા ખોરાક કે કુપોષણનો ભોગ બને તો દેશની પ્રગતિનો કોઇ મહિમા જ નથી. તે પછી 'ધ દ વિન્ચી કોડ'નું ઘાતકી આકર્ષણ લેખમાં લેખકે ડાન બ્રાઉનની બેસ્ટ સેલર નવલકથાની વિગતવાર વાત કરી છે. જે વાચકને કેટલીક ગેરસમજોમાંથી મુક્ત કરે એવી છે. એ પછીનાં 'આંતરરાષ્ટ્રીય મિત્રતા દિન', 'પ્રેમના પાયા પર સ્થપાયેલો ધર્મ', 'લાયકાતની ઊણપ કે નોકરીની અછત', 'ગુસ્સો અને વિરોધ છોડો' વિગેરે લેખો પણ મનનીય છે. 'નાતાલનું હાર્દ' અને 'ગુડ ફ્રાઇડે અને ક્રોસ' આ બંને નિબંધો, ખ્રિસ્તી ધર્મને નજીકથી સમજવામાં વાચકને મદદરૂપ થાય તેવા છે. 'મસ્જિદથી ગણપતિ મંદિરમાં ફેંકાયેલાં ચંપલ' નિબંદમાં લેખકે ધાર્મિક નેતાઓની આંતરીક સમજણની વાત કેરળના પાટનગર તિરૂવન્તપુરમની પલાયમ નામના વિસ્તારમાં મંદિર-મસ્જિદની વચ્ચે ઉશ્કેરણી થતાં રહી ગઇ એ ઘટનાનો દાખલો ટાંકીને કરી છે. 'શાંતિનો ધર્મ ઇસ્લામ' નિબંધ-૧૯માં મુસ્લિમ ધર્મને સમજવામાં એન મુસ્લિમોને ઓળખવામાં વાચકને મદદરૂપ થાય છે. ઇસ્લામનો મૂળ મંત્ર નમાઝ, રોજા અને મક્કાની પવિત્ર યાત્રા એવા મહત્ત્વના આધાર સ્તંભો પર ઉભેલા ઇસ્લામ ધર્મમાં રહેલી સભાનતાની ભાવના વાચકને સ્પર્શી જાય તેવી છે.

છેલ્લો નિબંધ 'એકેશ્વરવાદીઓને ત્રિવેણી સંગમ' માં લેકકે ઇસ્લામ ઉપરાંત યહુદી અને ખ્રિસ્તી એમ કુલ ત્રણ ધર્મના હાર્દ સુધી પહોંચવામાં પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. લેખક લખે છે કે 'ગંગા યમુના અને સરસ્વતી જેવી ભારતની ત્રણ નદીઓ ત્રિવેદી સંગમમાં મળે છે એ રીતે યહુદીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમોના અનુયાયીઓ એક જ ઇશ્વરની ઉપાસનામાં અને ત્રણેય ધર્મોનાં આદ્યપિતા અબ્રાહમમાં પોતાનો સંગમ સેતુ જુએ છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મૃગાંક શાહની ગઝલોની મલાઇદાર કડીઓનો રસાસ્વાદ

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

ગઝલકાર મૃગાંકભાઇ શાહ તરફથી મને કેટલીક ગઝલો મોકલવામાં આવી છે. દરેક ગઝલની પ્રતમ કડી મેં પસંદ કરી છે. આજે તેનો સ્વાદ માણીએ.

"અહિં વાતને નહિં રજૂઆતને મહ્ત્તવ આપવામાં આવે છે,
અહિં માણસને નહિં જાતપાતને મહત્ત્વ આપવામાં આવે છે,
અહિં દયાને નહિં પણ સ્વાર્થને મહત્ત્વ આપવામાં આવે છે,
અહિં ભણતરને નહિં માર્કસને મહ્ત્તવ આપવામાં આવે છે."

કુટુંબ, સમાજ, રાજકારણ, ધંધામાં આજે તમારી વાતચીત કરવાની ઢબ, વાતચીત કરવાની કળા, વાતચીત કરવાની રજૂઆતની લાક્ષણિકતા, વાતચીતના રૂપરંગને મહ્ત્ત્વ અપાય છે. તમારી વાણીથી તમે બીજાના દિલ જીતી શકો છો. તમારી વાત ગમે તે હોય તમારી વાતમાં સત્યતા હોય, નિસ્વાર્થ ભાવના હોય કોઇ લાલચ કે બનાવટ ના હોય છથાં પણ તમે સીધેસીધી જે વાત કરો છો તેના પહેલા આ વાતને રૂપરંગ આપીને, આ વાતને શણગારીને, એક સ્ત્રી પોતાના રૂપને ખીલવવા જેટલા વાના કરે છે. તેટલા વાના તમારી વાતને કરવા પડે છે. આવું જ કાંઇક આજે સમાજમાં, રાજકારણમાં જોવામાં આવે છે. જ્યાં માણસને નહિં પણ માણસની જાતિ, જ્ઞાતિ, ધર્મ જાતપાસને મહત્વ આપવામાં આવે છે.

માણસની લાયકાત, માણસની આવડત, માણસની પ્રમાણિકતા, માણસના વ્યક્તિત્વ કરતાં આજે ખાસ કરીને રાજકારણમાં માણસના ધર્મ, જાતિ, જ્ઞાતિ, જાતપાસને મહ્ત્ત્વ અપાય છે. એટલે આજે રાજકીય નેતાએએ સમાજને વિભાજીત કરી નાખ્યો છે. રાજકારણ આજે મત-લબી મતલક્ષી થઇ ગયું છે. મત લાવી આપે તે માણસ. મત કોણ લાવી આપે? જાતપાતનું બળ, બાવડાનું બળષ પૈસાનું બળ હોય તે માણસ ગણાય. રાજકારણી બનવા માટે આ ત્રણ બળ જરૂરી છે. વધારામાં ગઝલકારે આજનાં સમાજનું ચિત્ર રજૂ કરતાં કહ્યું છે કે અહિં દયા કરતાં સ્વાર્થને મહત્ત્વ અપાય છે. દયા કરવામાં પણ માણસ આજે સ્વાર્થ જુએ છે. દયા કરવામાં ઉપકાર કર્યાની ભાવના હોવી ના જોઇએ પરંતુ આજનો માણસ દયા કરવામાં પોતે ઉપકાર કરતો હોય તેમ સામા માણસ પાસેથી કાંઇ ઉપકારનો બદલો ઇચ્છતો હોય છે. કુતરાને તમે રોટલો આપશો તો તે પૂંછડી પટપટાવ્યા કરશે તેમ આજે માણસ બીજા મામસ પ્રત્યે દયા રાખીને કાંઇક મદદ કરે તો તેમાં પોતાની પ્રતિષ્ઠાનું મૂલ્યાંકન સમાજ કરે છે કે કેમ તે જુએ છે. એક માણસ બીજા માણસ ઉપર દયા કરે છે ત્યારે તે બીજા માણસ પાસેથી કાંઇક અપેક્ષા રાખે છે અને મદદ લેનારે સામી વ્યક્તિએ કરેલ ઉપકારના ભાર તળે દબાતા રહેવું પડે છે.

ઉપરાંત આવું જ કાંઇક સમાજનું ચિત્ર ગઝલકાર રજૂ કરે છે. આજે લોક ઠાઠમાઠને મહત્ત્વ આપતાં થયા છે. બુદ્ધિમાન લોકોની કિંમત થવી જોઇએ પણ માણસ ભલે બુદ્ધિશાળી ના હોય પણ તેની વાણીમાં, તેનાં વર્તનમાં, તેના વ્યવહારમાં, તેના પહેરવેશમાં, તેના રહેણાંકની શોભામાં ઠાઠમાઠ હોય તો સમાજમાં તેની ગણના થાય છે. ગરીબ હોય, બુદ્ધિશાળી હોય તો તેની કોઇ કિંમત નથી. છતાં પણ તમારા ખિસ્સા ખાલી હોય પણ ભપકા ભારી હોય તો તમે સફળ થઇ શકો છો. જો કે ઠાઠમાઠની કળા કાયમી રીતે ઉપયોગી થતી નથી. એ ક્ષાણિક છે. બાકી તો બુદ્ધિશાળી લોકોની સમાજમાં ગણના થાય છે. ઠાઠમાઠ વગર પણ માણસ બુદ્ધિના બળે આગળ આવી શકે છે. ઉપરાંત આજકાલ શિક્ષણક્ષેત્રે માર્કસને મહ્ત્ત્વ અપાય છે. આજના પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે નેવું ટકાથી ઓછા માર્કસવાળો હોંશિયાર ગણાતો નથી. હું પોતે ૧૯૬૨માં બી. કો થયો ત્યારે આખી યુનિવર્સિટીમાં પરિણામ આવ્યું. ફ્સ્ટ કલાક કોઇ નહિં સેકન્ડ કલાસ વાળા માત્ર દસ ટકા બાકીના થર્ક કલાક અને વધુમાં વધુ નાપાસ.

એમ.કોમની પરીક્ષામાં આખી યુનિવર્સિટીમાં ફ્સ્ટ કલાક કોઇ નહીં. સેકન્ડ કલાસ માત્ર ત્રણ જણા. આજે તો ઢગલાબંધ ફ્સ્ટ કલાસમાં પાસ થાય છે. વધુ ટકા માર્કસ લેવા માટે આજે ઠેરઠેર ટ્યુશનની હાટડીઓ મંડાઇ ગઇ છે. નાના ટાબરીયા પણ તુશનમાં જતાં થયાં છે. પ્રાથમિક શિક્ષણથી જ ટાબરીયાઓને માર્કસની માયાજાળમાં અટવાઇ દેવામાં આવે છે. નોકરી મેળવવા માટે પણ માર્ક્સનું મહત્ત્વ છે. બુદ્ધિશાળી યુવાન કે યુવતીને ઓછા માર્કસ મળ્યા હોય તો નોકરી આપનારા તમે મહ્ત્ત્વ આપતાં નથી. ગોખીને ગમે તેમ કરીને ઊંચા ગુણ મેળવનારની સમાજમાં ગણના થાય છે. જો કે આજનો જમાનો ગુણવત્તાને મહ્ત્ત્વ આપે છે.

તમે ઊંચા ગુણ મેળવ્યા હોય છતાં તમારી બુદ્ધિક્ષમતાના ગુણાંક પણ મપાય છે. ઊંચા ગુણવાળાને ઊંચી બુદ્ધિક્ષમતાના મુલાંકનો લાભ મળે છે. તમારી બુદ્ધિક્ષમતાના મુલાંક ભલે ઊંચા હોય પણ તમારી પરીક્ષાની ટકાવારી ઓછી હશે તો તમારી બુદ્ધિ ક્ષમતાના મુલાંકનું મહત્ત્વ નથી. છતાં પણ વ્યહારમાં આજે બુદ્ધિ ક્ષમતાનું જ મૂલ્યાંકન થાય છે. ગણના થાય છે. માણસની વાસ્તવિક ઓળખ કરનાર બીજા માણસની બુદ્ધિ કસોટી માપે છે. તમે ભલે ઊંચા ગુણ મેળવો છતાં તમારો બુદ્ધિનો મુલાંક પણ ઊંચો રાખો, તમારી બુદ્ધિને કેળવતા રહો સમગ્ર ગઝલમાં ગઝલકાર કહેવા માંગે છે કે એક નૂર આદમી હજાર નૂર કપડાં. આજે દરેક ક્ષેત્રે દેખાવનું, વાણીનું, જાતપાતનું, સ્વાર્થનું, ગુણાંકનું મહત્તવ છે.

માણસ બનાવતી થતો જાય છે. બનાવટોનો યુગ છે. છતાં પણ છેવટે તો સાચુકલા અસલી હિરાનું મહત્ત્વ છે. નકલી હિરાનું મહત્ત્વ નથી. નકલી દાગીના વધુ ચળકાટવાળા હોય છે. છતાં પણ અસલી એ અસલી અને નકલી એ નકલી. અસલીનો ચળકાટ કાયમી છે. નકલીનો ચળકાટ ક્ષણિક છે. આજે ક્ષણિકમાં કોઇ માણસ બીજા માણસને કૂવામાં ઉતારી શકે છે. પણ એક કહેવત યાદ રાખો. યુ કેન ફૂલ સમ ઓફ ધી ટાઇમ, સમ ઓફ ધી પીપલ બટ યુ કેન નોટ ફુલ ઓલ ઓફ ધી ટાઇમ, ઓલ ઓફ ધી પીપલ, છેવટે તો તમારી અસલીયતની ગણના થશે, વેઇટ એન્ડ વોચ.